જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૧૯  ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૨૧૯૭/૧૯**

## અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

### નારોલ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુનામાં સગીરબાળા ને શોધી કાઢી અપહરણકર્તા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદાર ની આવી કોઇ રજુઆત ફરીયાદ મળે તો તાત્કાલીક ભોગબનનાર / આરોપી ને શોધી કાઢી કાર્યવાહી કરવા જરૂરી આપેલ સુચના તથા માર્ગદર્શન આધારે પો.ઇન્સ શ્રી એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓએ નારોલ પોલીસ સ્ટેશન દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૨૩૬/૧૯ ધી ઇ.પી.કો.કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), તથા ૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૧૧(૬), ૧૨ મુજબના ફરીયાદી ની સગીરવયની દીકરી ઉ.વ.૧૩ વર્ષ ૮ માસ ને આરોપી હર્ષ ઉર્ફે હની વિક્રમસિંહ પંજાબી નાનો તા.૨૧/૧૨/૧૯ ના બપોરના ૧૧/૦૦ વાગ્યાના સુમારે લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયેલ હોય જે અંગે તાત્કાલિક ફરીયાદ દાખલ કરી ખુબ જ ટુંકા સમયગાળામાં આરોપી ને તથા ફરીયાદીની સગીર વયની બાળા ને શોધી કાઢી સદરી આરોપીને પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ હોય જે સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

